ગાંધીનગર સમાચાર

સેકટર-૧૧માં દબાણ દુર કરવા ગયેલી ટીમ પહેલા દબાણકર્તાઓ ગાયબ

# યોગ દિવસ પહેલા જ શહેર યોગમય બન્યુ

**શહેરના લગભગ તમામ બગીચાઓમાં યોગ-પ્રાણાયામની પ્રેકટીશ : યોગ દિનની ઉજવણી માટે સ્વૈચ્છિક ઉપરાંત ધાર્મિક-સામાજિક સંસ્થાઓ પણ કટિબધ્ધ બની : વરિષ્ઠ નાગરિકોના મંડળોમાં પણ યોગદિનની ઉજવણીનો વિશેષ ઉત્સાહ : તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તડામાર તૈયારીઓ**

ગાંધીનગર, તા.૧૯

ભારત સહિત સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જૂનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગરમાં પણ ‘યોગ દિવસ’ની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે અને સરકારી તંત્ર સહિત શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તથા સિનિયર સિટીઝન્સ મંડળો સહિત વિવિધ જુથો દ્વારા આ દિવસની ભવ્ય ઉજવણી કરવા કમર કસીને તૈયારીઓ કરાઈ રહી છે. ‘યોગ દિવસ’ ઉજવવા શહેરમાં અનેક ઠેકાણે વિવિધ કાર્યક્રમોના પણ આયોજનો કરવામાં આવ્યા છે જેના કારણે શહેરના લગભગ તમામ મુખ્ય સર્કલો પર હોર્ડિંગ્સોની ભરમાર પણ જોવા મળી રહી છે.

સ્વર્ણિમ પાર્ક ખાતે રાજય સરકાર દ્વારા યોગ દિવસની ઉજવણીનું મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આ ઉપરાંત શહેરના લગભગ તમામ સેકટર્સના બગીચાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના સંકુલોમાં યોગ દિવસ અંગે, યોગાસનો તથા પ્રાણાયામના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ તમામ કાર્યક્રમોની સફળતા માટે છલ્લા બે સપ્તાહથી તૈયારીઓ ચાલી રહી છે. જેના કારણે સમગ્ર શહેર ‘યોગમય’ બની જવા પામ્યું છે.



ગાંધીનગર આમ પણ સ્વાસ્થ્ય અંગે જાગૃત શહેર ગણાય છે અને સમગ્ર વર્ષ દરમિયાન અહીં વિવિધ બગીચાઓમાં યોગ-પ્રાણાયામની પ્રવૃત્તિ ચાલુ જ હોય છે. આથી વિશ્વ યોગ દિવસની ઉજવણીનું અહીં વિશેષ મહત્વ જણાય છે. શહેરમાં પતંજલિ યોગ વિદ્યાપીઠ, આર્ટ ઓફ લીવીંગ, બ્રહ્મકુમારીઝ, અરવિંદ કેન્દ્ર, આર્ય સમાજ જેવી સંસ્થાઓ દ્વારા યોગ દિવસ ઉજવવા અત્યારથી યોગ શિબિરો પ્રારંભ કરી દેવાઈ છે. આ ઉપરાંત સરકારી આદેશ મુજબ તમામ શાળા-કોલેજો તથા સરકારી કાર્યાલયો અને અર્ધ સરકારી યુનિટોમાં પણ યોગ દિનની ઉજવણીનું રિહર્સલ તથા પ્રેકટીશ કરાવવામાં આવી રહી છે. સેકટર-૧ના તળાવ કાંઠે આવેલા બગીચાથી માંડીને સે-૨, સેકટર-૩-એ ન્યુ, સે-૫ના બગીચામાં, કુડાસણ ખાતે રાધે કોમ્પ્લેક્ષ આગળ, સે-૭ના બગીચામાં, સે-૨૨, સે-૧૯, સે-૩૦, સે-૨૦ તથા સે-૨૮ના બગીચામાં પણ વહેલી સવારે નગરજનો યોગ-પ્રાણાયામ કરતા નજરે ચઢે છે. આ ઉપરાંત સે-૧૨માં બલરામ ભવન, સે-૨૪માં આર્યસમાજ સહિત અનેક ધાર્મિક સ્થળોએ પણ યોગ શિબિરો ચાલી રહી છે. જેને કારણે સમગ્ર શહેર યોગમય બની ગયેલું ભાસી રહ્યું છે.

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૧ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૦ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ‘નો એકઝીટ’ નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સોમવારના રોજ બપોરના ૨ થી ૫ કલાક દરમિયાન વર્ષાબેન ગોહિલ તરફથી સે-૩-સી શકિત ચોક મંદિરમાં આનંદનો ગરબો યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને શ્રી અરવિંદ કેન્દ્રના સંયુકત ઉપક્રમે સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે વ્યાખ્યાન માળા યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી પરિવાર દ્વારા સાંજે ૫.૧૫ થી ૬.૩૦ કલાક દરમિયાન ગાયત્રી મંદિર, સે-૧ ખાતે મહિલાઓ માટેની શિબિર યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ દ્વારા સવારે ૬ થી ૭ કલાક દરમિયાન શુકનવિલા ફલેટ સરગાસણ ચોકડી ખાતે વિના મૂલ્યે યોગ કેમ્પ યોગ શિક્ષક બાવકુભાઈ વાળા, ભરતભાઈ પટેલ અને શોભનાબેન પટેલ દ્વારા યોજાશે.

## વાતવાતમાં

● ઘ-૪ સર્કલ નજીક દેના બેંક સામે સર્વિસ રોડ પાસે વન વિભાગ દ્વારા એક વૃક્ષના બે મોટા જોખમી ડાળા કાપવામાં આવતા લગભગ અડધાથી ઉપરનો રોડ બ્લોક થઈ જવા પામ્યો હતો. આ સમયે ઝાડની ડાળીઓ અને ફુટપાથ વચ્ચેની સાંકડી જગ્યામાંથી પસાર થઈ જવાની લ્હાયમાં એક કાર ફસાઈ જતા થોડીક વારમાં અહીં ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

● શહેરમાં દિવસ દરમિયાન આકાશમાં વાદળ ગોરંભાયા બાદ ઘ રોડ પર વરસાદના બદલે અમી છાંટણા જ થવાથી ભીના થયેલા રસ્તા પર એક બાઈક સવાર સ્લીપ ખાઈ જવા પામ્યો હતો. પથિકાશ્રમ એસટી ડેપો નજીક પણ આજ કારણે એક ભારેખમ શરીર ધરાવતી મહિલા સ્કૂટર પરનો કાબુ ગુમાવતા પડી જવા પામી હતી.

● ઘ રોડ પર વરસાદી વાતાવરણમાં ફૂંકાઈ રહેલા પવનને કારણે ઘ-૪ નજીક એક બાઈક સવારનું ટોપી હેલ્મેટ માથેથી ઉડીને હવામાં ફંગોળાયુ હતું. આ પ્રકારના ટોપી હેલ્મેટ પહેરનારનો જીવ તો બચાવી શકતા નથી પરંતુ આ રીતે ફંગોળાઈને અન્ય વાહન ચાલકો માટે જીવનું જોખમ ઉભું કરે છે.

● શહેરમાં વરસાદે હાથતાળી દેતા નગરજનોમાં બંધાયેલી આશા ધૂળધાણી થઈ જવા પામી હતી. માત્ર જરીક જેટલા છાંટા પડવા છતાં સાંજના સમયે પાંખોવાળા મંકોડા સહિતના વરસાદી જંતુઓ દેખાદેતા નગરજનો વધુ પરેશાનીનો ભોગ બન્યા છે.

# સેકટર-૧૧માં દબાણ દુર કરવા ગયેલી ટીમ પહેલા દબાણકર્તાઓ ગાયબ

**દબાણ ટીમ પહોંચે તે પહેલા વેપારીઓ કેમ અદશ્ય થઈ જાય છે તે સમજાતું નથી...!**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન વકર્યો છે. દબાણ શબ્દ સાંભળીને અધિકારીઓ માથા ખંજવાળે છે. શહેરમાં સરકારી ખાલી પડેલી જગ્યા પર ઠેરઠેર લારી ગલ્લા ધારકો દબાણ સર્જે છે. પાટનગર યોજના વિભાગ, મહાનગર પાલિકા અને વનવિભાગના અધિકારીઓ નગરમાં દબાણ હટાવાની કામગીરી કરવા માટે નીકળે છે ત્યારે અધિકારીઓના હાથમાં દબાણકર્તાઓ આવતા નથી કારણ કે દબાણ જે સેકટરમાં દુર કરવાનું હોય તેમજ જે વિભાગ દ્વારા કામગીરી કરવાની હોય તેની જાણ લારી-ગલ્લાવાળાઓને પહેલેથી જ પહોંચી જાય છે જેને પગલે ‘‘ દબાણ શાખામાં પણ ઘર ફુટે ઘર જાય’’ તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. દબાણ દુર કરવા નીકળેલા તંત્ર તેમજ અધિકારીઓને ગણ્યા ગાંઠ્યા દબાણ દુર કરીને કામગીરીનો સંતોષ માનવો પડે છે.

સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત સૌથી વધુ નાગરીકોએ દબાણ દુર કરવાનો પ્રશ્ન ઉઠાવ્યો છે. નગરને દબાણ મુકત કરવા નગરજનોએ તંત્રને અપીલ કરી છે. શહેરના માર્ગો તેમજ આંતરીક રસ્તાઓ પર લારી-ગલ્લાના અડીંગા નાંખીને બેઠેલા વેપારીઓ દબાણમાં રોજબરોજ વધારો કરે છે. ગાંધીનગર શહેરમાં દબાણ દુર કરવા તંત્ર દ્વારા સમયાંતરે કામગીરી કરવામાં આવે છે. આજે સેકટર-૧૧ સવારથી જ તંત્રના અધિકારીઓ દબાણ શોધતા નજરે પડતા હતા. પરંતુ દબાણ કોઈ કર્મચારીને દેખાતુ નહોતું કારણ કે દબાણની જાણ લારી ગલ્લાધારકોને પહેલી જ થઈ જતા આજે તેઓએ વેપાર-રોજગારમાં બંધ પાળ્યો હતો. સેકટર-૧૧ કોર્ટ સંકુલ તેમજ કલેકટર કચેરી બહાર અને કોમર્શીયલ કોમ્પ્લેકસ સામે સામાન્ય દિવસોમાં કેટલા દબાણકર્તા હોય છે પરંતુ આજે દબાણ ટીમ ત્રાટકવાની હોવાની આગોતરી જાણ થઈ ગઈ હોવાથી તમામ દબાણકારો જાણે અદશ્ય થઈ ગયા હતા. સવારથી સાંજ અધિકારી-કર્મચારીઓ દબાણ માટે ફરતા નજરે પડ્યા હતા અને માત્ર ગણ્યા ગાંઠ્યા દબાણ દુર કરીને સંતોષ માનવો પડયો હતો. કારણકે દબાણ વિભાગમાં કાર્યરત વિભિષણોને પગલે શહેરમાંથી દબાણ દુર થતું નથી.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ભારતીય સંસ્કૃતિમાં વડ, પીપળો, તુલસીના પુજનનો અનોખો મહિમા રહેલો છે. જેમાં ભારતીય નારી વડનું પૂજન કરી પતિના દીર્ઘ આયુષ્ય અને સુખની પ્રાર્થના સહિત વડને સુતરના તાંતણેથી અને તાંબાના લોટામાં જલાભિષેક કરી પૂજન કરતી નજરે પડી રહી છે. ચિલોડામાં પણ પરિણિતાઓએ પતિના દીર્ઘાયુ માટે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે વડ સાવિત્રીનું વ્રત કરી વિધિપૂર્વક પૂજન કર્યું હતું.

# એલએલબી સેમ-૧ માટે ઓનલાઈન પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૧૯

એલએલબી સેમ-૧ માટે ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા કેન્દ્રીય કૃત (ઓનલાઈન) પ્રવેશની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓનલાઈન એલએલબી સેમ-૧ના પ્રવેશની કાર્યવાહી તા. ૨૪મી જૂન સુધી ચાલુ રહેશે. આથી પ્રમાણપત્રોના વેરીફિકેશન માટે સિધ્ધાર્થ લો કોલેજ, સે-૧૬નો સંપર્ક કરવાનો રહેશે આમ સિધ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ. ડી.એ. મેવાડાએ જણાવ્યું છે.

# બહુજન સમાજ પાર્ટી દ્વારા ૨૪મીએ રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

બહુજન સમાજ પાર્ટી દ્વારા વર્તમાની કેન્દ્ર તથા રાજય સરકારની જે જન વિરોધી નિતિઓ છે જેના લીધે સામાન્ય વર્ગના લોકોનું જીવન જીવવું મુશ્કેલ થઈ ગયું છે. જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ કાબુમાં લાવી શકાતા નથી તેમજ સામાન્યવર્ગના સવાલો લઈને ગુજરાત સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શન તથા રેલી આગામી તા. ૨૪મી જુનને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઘ-૨ સર્કલથી રેલી પ્રસ્થાન કરશે. રેલી સ્વરૂપે નીકળીને સત્યાગ્રહ છાવણી સેકટર-૬ પહોંચશે અને ત્યાં વિરોધ પ્રદર્શન (ધરણા) કરવામાં આવશે તથા બપોરે ૧.૦૦ કલાકે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ આપવામાં આવશે. જિલ્લા બસપા સમિતિના પ્રમુખ ચિરાગ પરીખે જિલ્લાના બહુજન સમાજના તથા સામાન્ય વર્ગના પ્રજાજનોને આ કાર્યક્રમમાં હાજર રહેવા અનુરોધ કર્યો છે.



શાળા પ્રવેશોત્સવ થકી રાજય સરકાર દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો શાળાએ જતા થાય અને શિક્ષણ મેળવે તે હેતુથી પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જો કે આર્થિક મજબુરીઓના કારણે ઘણા બાળકો અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતા હોય છે. ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને દાતા પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા વિના મૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે આશરે ૪ હજાર જેટલા વિદ્યાર્થીઓને તેમના આ સેવા કાર્યનો લાભ પ્રાપ્ત થયો છે. જે સમગ્ર શહેરના સમાજ જીવનમાં પ્રેરણાત્મક ઉદાહરણ છે.

# ધોળાકુવા ગામમાંથી સર્વેલન્સ સ્કોર્ડે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક ધોળાકુવા ગામે ઈન્ફોસીટી પોલીસ મથકની સર્વેલન્સ સ્કોર્ડે બાતમીના આધારે બુટલેગરના ઘરે દરોડો પાડી વિદેશી દારૂ-બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે બુટલેગર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્ફોસીટી પોલીસ મથકની સર્વેલન્સ સ્કોર્ડના પીએસઆઈ એમ.એચ. સોલંકી તથા તેમની ટીમના પોલીસ કર્મીઓ લક્ષ્મણસિંહ, આશિષસિંહ, હિતેન્દ્રસિંહ તથા સિધ્ધરાજસિંહ, રવિન્દ્રસિંહ વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે પીએસઆઈ સોલંકીને બાતમી મળી હતી કે તાજેતરમાં જેલમાંથી છુટીને આવેલ ધોળાકુવા ગામનો બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોર વિદેશી દારૂનો જથ્થો લાવી વેચાણ કરે છે. આથી પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી વિદેશી દારૂની ૧૬ નંગ બોટલ અને ૨૦ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧૦,૦૦૦નો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે આરોપી મુકેશ ઠાકોર સામે ગુનો નોધી તેની શોધખોળ હાથ ધરી છે. આ ઉપરાતં પોલીસે ધોળાકુવા ગામમાંથી જુદા જુદા બે સ્થળોએથી અને ઈન્દ્રોડા ગામમાંથી એક મકાનમાંથી દેશી દારૂનો જથ્થો પણ ઝડપી પાડયો હતો અને તમામ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પતંજલિ યોગપીઠ દ્વારા યોગ જાગરણ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

આજ રોજ પતંજલિ યોગપીઠ ગાંધીનગરના ઉપક્રમે યોગ જાગરણ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સેકટરોની રૂબરૂ મુલાકાત લઈ યોગ વિશેની માહિતી તથા સેમ્પલ કીટનું વિતરણ કરાયું હતું. યોગ જાગરણ રેલી નગરના જુદા જુદા સેકટરોમાં ફરી હતી તથા પતંજલિની જીવન જરૂરિયાતની ચાર હજારથી વધુ સેમ્પલ કીટનું વિતરણ કરાયું હતું. આ સાથે સેકટરવાસીઓને યોગ વિશેની માહિતી પણ આપવામાં આવી હતી. આ દરમિયાન નગરના મોટા ભાગના રહીશોએ કાયમી યોગ કરવાની ખાત્રી પણ આપી હતી તેમ જિલ્લા યુવા પ્રભારી જૈમિન વૈદ્યે જણાવ્યું છે.

# ગાંધીનગરમાં અનેક ગુનાને અંજામ આપનાર ૮ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં વિવિધ ગુનામાં સંડોવાયેલ આરોપી રમેશ ઉર્ફે તટુ ઉર્ફે બચુભાઈ નાનુભાઈ ડાંગી છેલ્લા આઠ વર્ષથી વોન્ટેડ હતો તેને ઝડપી પાડવા ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લા એસ.ઓ.જી.ની ટીમે સૂચના આપી હતી જેથી પી.આઈ. પી.બી. ચૌહાણે હકીકતના આધારે ગુનધા ગામે વોચ ગોઠવી હતી અને તેને શોધી તેની અટકાયત કરી હતી. બાદમાં આરોપીને સે-૭ પોલીસને હવાલે કર્યો હતો. સે-૭ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# યોગ કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા ૨૧મી જૂનના રોજ સવારે ૬.૪૫ થી ૭.૦૦ કલાક દરમિયાન ઘ-૪, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાનાર યોગ કાર્યક્રમમાં પ્રજાજનોને સહભાગી થવા અનુરોધ કર્યો છે. શહેર નાગરિક સંરક્ષણ એકમના ચીફ વોર્ડન શ્રી અરુણભાઈ બુચના જણાવ્યા મુજબ મંગળવારના રોજ સવારે ૬.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે એકમના તમામ પદાધિકારીઓ, વોર્ડનશ્રીઓ અને નાગરિકોએ ઉપસ્થિત રહી રીપોર્ટ કરવા પણ જણાવાયું છે. આ અંગેની વધુ માહિતી મેળવવા દીક્ષીત પટેલ અને અંજનાબેન નિમાવતનો સંપર્ક કરવાનો રહેશે.

# ‘રકતદાન’ થકી માનવીએ લોહીની સગાઈ નિભાવવી તે જ સાચો ધર્મ

**રકતની અછતને પહોંચી વળવા રકતદાન અંગેની ગેરસમજો દૂર કરવી અત્યંત આવશ્યક : રકતદાતાને પોતાને અણીના સમયે સરળતાથી રકત મળી રહે તે માટે ‘સ્માર્ટ કાર્ડ’ જેવી સીસ્ટમ જરૂરી**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૯

કેટલાક ધર્મશાસ્ત્રોમાં એવું જણાવાયું છે અને અનેક ધર્મગુરુઓ દ્વારા પણ વારંવાર તેમના પ્રવચનોમાં શ્રધ્ધાળુઓને વાત કહેવામાં આવે છે કે ‘તમને મનુષ્ય દેહ ઈશ્વરે આપ્યો છે તો તેનો માલિક પણ તે જ છે, ઈશ્વરની આ અદભૂત રચના સમા માનવદેહની યોગ્ય રીતે જાળવણી કરવી તમારી જવાબદારી તો છે જ પરંતુ સાથે સાથે તેનો ઉપયોગ માનવતા માટે કરવો તે તમારી ફરજ પણ છે.’ ઈશ્વરે સર્જેલી આ અદભૂત રચનામાં રકત સંચાર થકી એવી કારીગરી કરી છે કે જયાં સુધી આપના દેહમાં રકત સંચાર થતો રહે છે ત્યાં સુધી જ આપ તેના અસ્તિત્વને માણી શકો છે. ઘણીવાર એવું પણ થાય છે કે આપના દહેમાં ‘રકત’ અચાનક જરૂર કરતા ઓછુ થઈ જવા પામે ત્યારે તેમાં બહારથી રકત ઉમેરવું પડે છે. માનવીએ અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે પરંતુ હજુ સુધી રકત બનાવી શકયો નથી. આથી રકતની જરૂરિયાત જેવા અણીના સમયે તો તેને ઈશ્વરે સર્જેલા અન્ય માનવ દેહમાંથી જ રકત ઉછીનું મેળવવું પડે છે. આ પ્રક્રિયાને ‘રકતદાન’ જેવું ઉમદા નામ આપવામાં આવ્યું છે.

તાજેતરમાં જ સમગ્ર વિશ્વમાં ‘રકતદાતા દિવસ’ ઉજવવામાં આવ્યો હતો પરંતુ હજુ પણ રકતદાન પ્રત્યે અપૂરતી જાગૃતિ, સરકારની અસ્પષ્ટ નીતિ, રકતદાન અંગે ગેરસમજો તથા ડરના કારણે રકતદાન એ અત્યંત પુણ્યનું સેવા કાર્ય હોવા છતાં તે પ્રત્યે સમાજમાં ઉદાસિનતા જોવા મળે છે. આ ઉદાસિનતાના કારણે હોસ્પિટલો, બ્લડ બેંકો તથા લેબોરેટરીઓમાં હંમેશા લોહીના સ્ટોકની ખેંચ રહે છે. જો સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયત્નોને બાદ કરી દેવામાં આવે તો કોઈ પણ સરકાર માટે રકતની સમસ્યા ‘કટોકટી’ સમી ગંભીર બને અને તેનો ઉકેલ લાવવો પણ અશકય બની જાય. રકતદાન અંગે નાગરિકોમાં પ્રવર્તી રહેલી ગેરસમજોમાં રકત આપવાથી શરીરમાં નબળાઈ આવે છે, શરીરની રોગપ્રતિકારક શકિત ઘટી જાય છે વગેરેથી માંડીને ધાર્મિક અંધશ્રધ્ધાઓ તેમજ જરૂરિયાતના સમયે પોતાને જ ‘રકત’ નહી મળે તેવી અણસમજોનો સમાવેશ થાય છે. રકતદાન અંગેની આ તમામ ગેરસમજો દૂર કરવાનું કાર્ય સરકારનું તો છે જ, પરંતુ સાથે સાથે એકલી સ્વૈચ્છિક સંસ્થા કરતા જો ધાર્મિક અને જ્ઞાતિ-સમાજોની સંસ્થાઓ પણ ઉપાડી લે તે અત્યંત જરૂરી બની રહ્યું છે. સરકારે તો પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમોમાં રકતદાન અંગે યોગ્ય માહિતીનો સમાવેશ કરવા ઉપરાંત અસરકારક ઝુંબેશ ઉપાડી તેનો મહત્તમ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ. આ સાથે રકતદાતાને તેને પોતાને અથવા તેના અંગત સગાને અણીના સમયે સરળતાથી રકત મળી રહે તેવું માળખુ ગોઠવવું જોઈએ. આ માટે મોબાઈલ રિચાર્જની જેમ યુનિક સ્માર્ટ કાર્ડ સીસ્ટમ જેવી ટેકનોલોજી આધારિત સીસ્ટમ અમલમાં મુકવી જોઈએ.




હાલ, સરકાર અને સામાજિક સંસ્થાઓ તો પોતાની જવાબદારી નિભાવી રહી જ છે પરંતુ તમામ નાગરિકોએ સૌથી પહેલા ‘રકતદાન’નું મહત્વ સમજી લેવું ખૂબ જરૂરી છે કારણ કે તેના વગર રકતની અછતને પહોંચી વળાય તે શકય નથી. પ્રાપ્ત થયેલી એક જાણકારી મુજબ દેશમાં ૨૫૦ સીસીની આશરે ૪ કરોડ જેટલી રકત બોટલની વર્ષે દહાડે જરૂરિયાત રહે છે તેની સામે માત્ર ૫ લાખ જેટલુંજ યુનિટ મળે છે. લોહીનું ઉત્પાદન કરવું શકય નથી તે માત્ર વ્યકિતના શરીરમાં જ કુદરતી રીતે પેદા થાય છે અને શરીરમાં લોહી તેના વજનના ૭ ટકા જેટલું હોય છે. એક અંદાજ મુજબ આશરે ૨૫ ટકા વ્યકિતઓને જીવનમાં કયારેક ને કયારેક લોહીની જરૂર પડે છે. જેટલું લોહી રકતદાન દ્વારા લેવામાં આવે છે તેટલું લોહી શરીર તે પછીના માત્ર ૨૧ દિવસમાં જ જાતે પેદા કરી લે છે અને ૧૮ વર્ષથી ઉપરની તેમજ ૫૦ કિલોગ્રામથી વધુ વજન ધરાવતી કોઈ પણ સ્વસ્થ વ્યકિત રકતદાન કરી શકે છે. જો કે એકવાર રકતદાન કર્યા પછી ૩ માસ સુધી ફરી રકતદાન કરવું હિતાવહ નથી. એક સંશોધન એવું પણ કહે છે કે રકતદાન કરનાર વ્યકિતને હાર્ટએટેકની સંભાવના ઘટે છે કારણ કે રકતદાન કરવાથી રકત પાતળુ થાય છે જે હૃદય માટે સારી બાબત છે. રકતદાન કરતા પહેલા કેટલીક સાવચેતીઓ પણ રાખવી જરૂરી છે. જેમાં રકતદાન પહેલા કે પછીના કેટલાક સમય સુધી ધુમ્રપાન કે અન્ય નશો કરવો ના જોઈએ તેમજ શરીરમાં કોઈ રોગ કે બિમારી હોય ત્યારે રકતદાન કરવાનું ટાળવું જોઈએ. જો કે નિયમિત રકતદાનથી અનેક બિમારીઓની શકયતા ઘટે છે અને શરીરના ઝેરીલા પદાર્થોને બહાર ફેંકે છે. એટલું જ નહી પરંતુ રકતદાનથી નવા બ્લડ સેલ્સનું નિર્માણ થાય છે તેથી તંદુરસ્તી વધે છે અને કેન્સર જેવા ગંભીર રોગોનો ખતરો પણ ઓછો થાય છે.

રકતદાનથી મેળવાયેલુ રકત સીધે સીધું કોઈ દર્દીને આપી શકાતું નથી પરંતુ તેને વિવિધ પ્રક્રિયા દ્વારા જંતુમુકત કરી એચઆઈવી, હિપેટાઈટીસ-બી, મેલેરિયા વગેરે જેવા ચેપી રોગોના વિષાણુઓ ધરાવતું નથી તેની ખાત્રી કરવા લેબોરેટરી ટેસ્ટ કરાય છે. તથા તેના સંગ્રહ માટે વિશેષ જરૂરી તકેદારીપૂર્ણ પગલા લેવાય છે. આ કારણે દરેક રકત બોટલ પાછળ એક નિશ્ચિત ખર્ચ થાય છે તે રકતદાન મેળવનારે ભોગવવો જરૂરી બને છે પરંતુ રકતદાતા પોતાને રકતની જરૂર પડે ત્યારે તે ખર્ચ ભોગવવા તૈયાર થતા નથી અને રકતદાન પ્રત્યે ઉદાસીન બને છે. જો કે તમામ રકતદાતાએ એ સમજી લેવું અત્યંત આવશ્યક છે કે રકતદાન થકી આપ કોઈનું જીવન બચાવી શકો છો તે સૌથી મહત્વની બાબત છે કારણ કે અંતે તો માનવી માનવી વચ્ચે લોહીની સગાઈ જ નિભાવવી તે સાચો ધર્મ છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com